4 ફો.સ્ટેન.

નવી બાબત ૨૦૧૮-૧૯
ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ પ્રવૃત્તિ માટે રૂ.૫૦૦૦૦.૦૦ લાખ ફાળવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવક્રમાંક:સશપ/૧૦૨૦૧૮/ન.બા.૬૭/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૦૪/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૦૩/૨/૨૦૧૮નો પત્રક્રમાંક:વિ.જા.ક./બો.બિ./૨૦૧૭-૧૮/૧૨૧૦

ઠ રા વ:

તાજેતરમાં વિભાગના તા.૩૦/૯/૨૦૧૭ના ઠરાવક્રમાંક:સશપ/૧૦૨૦૧૭/૫૬૮૪૫૧/અ થી રચવામાં આવેલ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અનામત વર્ગો સિવાયના બિનઅનામત વર્ગો જેવા કે પાટીદાર, બ્રાહ્મણ, ક્ષત્રિય, વણિક, લોહાણા, સોની, ખમાર, મહેશ્વરી વગેરે જેવી અંદાજે ૫૮ જેટલી જ્ઞાતિઓના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે લાભાર્થીઓને ધિરાણ આપવા અંગે વંચાણે લીધેલ નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૦૩/૨/૨૦૧૮ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારના ફંડ દ્વારા બિનઅનામત વર્ગોના લાભાર્થીઓના શૈક્ષણિક વિકાસ, આર્થિક વિકાસ તથા ધંધા રોજગાર હેતુ ધિરાણ આપવા માટે ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને રૂ.૫૦૦૦૦.૦૦ લાખની નીચે જણાવેલ શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) ઉપર્યુક્ત લોનની રકમની ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારને પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગેની ચૂકવણીની વિગતો તૈયાર કરી નાણા વિભાગ/જાહેર સાહસ બ્યુરોની મંજૂરી અર્થે રજુ કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) નિગમે તેમની જરૂરિયાત સંદર્ભ એક્શન પ્લાન તૈયાર કરી વિભાગ મારફત નાણા વિભાગની મંજૂરી માટે રજુ કરવાનો રહેશે.

(૮) ફંડના વપરાશને ધ્યાને લઇ વિભાગે નાણા વિભાગના પરામર્શમાં જરૂરી રકમ ફાળવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર- ૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર હેઠળની લોન અને અન્ય કમાણી હેઠળ, પેટા સદર- ૦૧ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૧/૩/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. જી. વણઝારા)

અધિક સચિવ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ડો.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.